Sandesh Newspaper
Page - 2
Date: 14-03-24

## CM ભૂપેન્દ્ર પટેલની અભ્યાસ હાથ ધરવા સૂચના

# મણિપુર-ગોધાવી સુધી મેટ્રોરેલ BRTS કનેક્ટિવિટી મળી શકે !

। ગાંધીનગર ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં યૂથ ઓલિમ્પિક-૨૦૨૯ અને ઓલિમ્પિક-૨૦૩૬ યોજવા સંદર્ભે તાજેતરમાં રમતગમત રાજ્યમંત્રી, રમતગમત અગ્રસચિવ, રમતગમત વિભાગ-અમ્યુકો-ઔડાના અધિકારીઓ સાથે ઉચ્ચકક્ષાની બેઠક યોજી હતી, જેમાં મોટેરા સ્ટેડિયમ આસપાસ જરૂરી સુવિધાઓ ઊભી કરવા, એસ.પી. રિંગ રોડની પશ્ચિમ તરફ ઔડાની ડી.પી.માં ૯૦ મીટર પહોળો રિંગ રોડ બનાવવા, તેમજ બોપલ-પલોડિયાના ૩૬ મીટર રોડ આસપાસના મણિપુર, ગોધાવી, ગરોડિયા વિસ્તારોમાં નોલેજ એન્ડ સ્પોર્ટ્સ કોરિડોર નિર્માણ કરવા પરામર્શ થયો હતો.

**યૂથ ઓલિમ્પિક ૨૦૨૯ તથા ઓલિમ્પિક-૩૬ની તૈયારીઓ માટે બેઠક યોજાઇ**

ગોધાવી વિસ્તારમાં થોડા સમય પૂર્વે જમીન અંગે સંબંધિત વિભાગો અને ઔડા દ્વારા થયેલા સર્વેની જાણકારી મુખ્યમંત્રીને અપાઈ હતી.

ઉપરોક્ત વિસ્તારોને સ્પોર્ટ્સ સ્કિલ તથા એજ્યુકેશન ઝોન તરીકે વિકસાવવા માટે સર્વે, જમીન સંપાદન, પીપીપી વિકલ્પોની સમીક્ષા કરી, તમામ સ્ટેક હોલ્ડર્સને સાથે લઈ આ દિશામાં આગળ વધવા અને ઝડપથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ કરી માટે આયોજન કરવાની વિચારણા પણ આ બેઠકમાં થઈ હતી. મુખ્યમંત્રીએ આ સ્પોર્ટ્સ, સ્કિલ નોલેજ ઝોનને બીઆરટીએસ તથા મેટ્રોરેલની સુવિધાથી જોડવા માટે જરૂરી અભ્યાસ હાથ ધરવા પણ સૂચના આપી હતી.